:ક પ્રિય

પ્રકાશક

એમ. જી. માસ્તર

સંવત ૧૯૬૫ સને ૧૯૦૯

સુરત

"અંકુશ" પ્રીન્ટીગ પ્રેસ.

અંબાજીરોડ. અંબાજી માતા પાસે.

કીં૦ ૦-૨-૦

રસીક ગરબાવળી

શું નટવર વસંત ખેલ ખેલ નાચી રહ્યો
નાચી રહ્યો જગ નચાવી રહ્યો—શું

(સાખી)

કોયલ મધુર મુરલી બની છેડે નટવર કાન
વિરહ ઘેલી ગોપી ઘણું તજી નીકળી અભિમાન
રસીયા વિનાની બની બાળાઓ બાવરી
વેણુ વસંત ચિત્ત વીંધી ગયો—શું

(સાખી)

શીતળ સુખકર પવનની લ્હેર ઘુમે ચોપાસ
જાણું રાધા કૃષ્ણજી રાસ રમે છે ખાસ
વિધ વિધ પંખીના વેણુ ઘુઘરી ઘમકેરે
માંહે થાહે મેનાનો નાદ ઝાંઝર ઝમકેરે

(સાખી)

નવ પલ્લવ વાગો ધરી પચરંગી શીરપાઘ
ફાગ લાગ સાખી રમે મદનરાજ મહાભાગ
લહેરી લાલાથી રમે વસનાઓ લાડમાં
પીળા ગુલાબ લાલ છાંય ગયો—શું

૨

ગાજે ગગન ઘરરર ગગન ઘરરર ચમકે વીજળીઓ ઝરરર
વરસે વરસાદ ઝરમર વરસાદ ઝરમર વિયોગીનાં ચિન્ત ચરરર
બીની બાળા હાય અરરર સ્વામી સોડે પેસે સરરર—ગાજે
હરીયાળી જુમી ભલી હરિયાળાં વળી વન
હરીયાળુ સંજોગમાં,
અરે વિરહે ઉઠે છે અંગમાંરે સજની મન પીડા કયાં કહીએ
બાળા રહીએ રે મનમાં મુઝાઈ સજની ૦

૨

[illegible] ભરરર [illegible] સ્વામી પાસે
[illegible] [illegible]ને મળે,
ચટપટ વાગેર બારે સમે ભોગી ભેટવાર
માતાજી [illegible] કુમારી [illegible] ક્રમરે
જન્મો મહન મહાવીર મહન મહાવીર [illegible] માતાજી [illegible] ધરરર
[illegible] ધરરર અરે ધરરર—બાજે

૩

(પુનેમ ચાંદનીનો રાહ)

સખીઓ નિજ નિજ નીતિ ધર્મ સદા સંભાળીએરે
પરમ પવિત્ર પતિવ્રત પટકુલ કરી પરીધાન
સાસુ સસરો માતપિતાની સેવા સાચવોરે,
ભાવ સહીત ભક્તિથી નિત ભજીએ ભગવાન
એવા ઉત્તમ ગુણથી ઉભય સકુલ અજવાળીએરે—ટેક

(સાખી)

નજરે નજર ન જોડીએ, નાથ વિના નર સાથ
પરતરને નવ આપીએ તાલી હાથો હાથ
હસવું રમવું જમવું એકાન્તે નવ બેસવુંરે
પતિ વિણુ પતિના પણ સદ મિત્રોની સંગાથ—એવા

(સાખી)

નાથ વિના કરવી નહિ વિનોદ રસની વાત,
વિશ્વ વિરૂદ્ધ ન વર્તવું ભલે તાત કે માત
લાજની ભ્રષ્ઠ થવું નહિ સુધરી સદ આચારથીરે
નિર્લજ નટ ખટની સોબત તજવી સુજાણુ—એવા

(સાખી)

કુષ્ટી કદુપ કુબડો નિરધન નિરબળ કાય,
મતિહિન પતિત પતિમળે એ સતિને સુરરાય.
[illegible] પગ અંગુઠ દ્રષ્ટા આધુ ઓઢીએરે
સુખકર સાચવીએ સો સાથે સંપ સદાય—એવા

વટ સાવીત્રી વ્રત આજ પૂરણ કરીએરે,
લઈ કુમ કુમ અક્ષત હાથ ફળ તો ધરીએરે.
છે પવિત્ર વડલો બેન, આપણ અંગેરે,
કરો પુજન વડનું આજ કેસર સંગેરે.

વિધિ આ વ્રત તણી સાચવો નમે.
તો તો મંગળ તમારૂં થાયરે, આયુષ્ય પ્યારા પતિનું વધારશો
સાજ વિષે સુંદરતા થી એની તેથી તમારૂં રહું થાયરે—આયુષ્ય

કંકણ કરવિષે ચમકે તમારા,
અંબોડા શિર પર શોભે છે ચારા,

એ સહુ રહેશે રૂપાળા વ્રતની વિધિ સંભાળોદ
ઝાંઝરનો ઝમકારો તમારો
લટકાને મટકાને ચટકો તમારો
ખટકો હોય જો પ્યારો—આયુષ્ય

૫

જળ ભરવા હું ગઇતીરે સખી સંગે મારી
આડા આવીને ઉભારે કુંવરજી નવરંગે—જળભરવા

(સાખી)

જળ ભરવા સર્વે ગયાં, એ વાડી મોઝાર
થઇ ઉભા દરવાન તે, બંને રાજ કુમાર

રોકી રાખ્યા સાસુજીરે અને સહુ પનીહારી
નામ લીધું તમારૂંરે, મારગ દીધો મેલી—જળ

૬

મને ભુલી ગયો છે મારો છેલરે
ખોટી [illegible]ી કાનુડા તારી પ્રીત પારા રાજ—મને

મને નિદ્રા ન આવે સખી શું કરૂં રે
રોતાં રોતાં રજની સારી જાય મારા રાજ—મને
મારી સુની પડી છે સખી સેજડીરે
પોઢણુ હારા સુવાન આવે વૈર મારારાજ—મને
સખી પત્ર આવ્યો ન હરિ હાથનોરે
વાલ શું ઠગારાનો શો વિશ્વાસ મારારાજ—મને
મને પ્રીત કરી સખી પરહરી રે
... કપટી છે જાદવરાય મારારાજ —મને
... તેના વગર નથી ગમતું રે
પુરો પુરો ઇચ્છા કેરી આશ મારારાજ—મને

૭

ઉગ્યો સખી સૃષ્ટિનો શૃંગાર હાર ચાલ્ય ચાલ્ય
જોવાને ચંદ્રમા
જેને પ્રેમ ઘેલી ઝૂમીનાર દેદાર જેને ડોલે સૃષ્ટિ આનંદમાં
ધન્ય ધરા સુંદરી તને ચતુર ચંદ્ર ગુજ કાન્ત
શાંતિ પાઠ પઢાવતો સાધીને એકાંત
... પડી પતિને પાય શિક્ષા શીરે ધરેરે
... ગોરીપતિ ગુણ ગાય શાંતિ ચિત્તે રમેરેરે
ધરોને બ્હેન ધરતી માતાનું કહ્યું કાન
પ્રીતેથી કરો સંચાર સુધારસ પાન
ચંદ્ર મુખે ચીડાઇને તારાના મુખ શ્યામ
જદ ગુણીનું સુખ ભાળીને રમે કુષ્ણના રામ
...ી જેને પતિનું માન, તેનાં ગાંધર્વ ગાયે ગાન
... મે દેવી સમાન સન્માન, રમે રામા રસીક લઇ તાન
ધરણી નાર સમ ગૃહણીઓ, સેવે સ્વામિ પાય
ચતુર ચંદ્ર સમ ધણી મળે જય ! જય ! ત્યાં
મારાજ—ઉગ્યો

'મોલે પધારો મહારાજ મણીધર એવો રાહ'

મારો પાવન કરીઆ પલંગ—પ્યારા પ્રાણનાથ પધારી
રમ્યા રસીક રસીકાથી રંગ પ્યારા પ્રાણનાથ પધારી
આજ ઉપજી શીતળતા અંગ પ્યારા પ્રાણનાથ પધારી
પ્રેમ હીંચોળે હીંચીયા સ્વામી દાસી સાથ
મનમાન્યું સુખ માણીયું, હેતે ધારી ગળામાં હાથ—પ્યારા
ચંદન તરુ શીત હલતમે હું વહાલા ઘઇ વેલ
વધતી પામી વળગતા, સ્નેહ શેલડી રસથી સીંચેલ—પ્યારા
શરદ ઋતુ સોહામણી પુરણ ચંદ્ર પ્રકાશ
મંદ પવનની લહેરમાં, વહાલા વીલસો છો વિમલ વિલાસ—પ્યારા
અંતઃપુરમાં એકના છાના રાખું છેલ
કોક કળાને કેળતા, રમી રમીક કરો રંગરેલ—પ્યારા
તન મન ધન અરપણ કરી રંજન થઇ દિન રાત
હાજર રહીશ હજુરમાં, પ્રભુ અવર પુરૂષ ભ્રાતતાત—પ્યારા

૯

ઓઅમીની [illegible] તે [illegible]ચાગો, મુને [illegible] આંખ [illegible]
[illegible] સાહેન પારો, મારો [illegible]
[illegible] ને શું ઉભારોરે, જુના [illegible]
[illegible] પડ્યો છે નઠારોરે—રીસાઇ [illegible]

[illegible]

[illegible] ન કીજે વાટે, [illegible] રહી ન [illegible],
[illegible] આત બજારે કે હાટે, [illegible]
[illegible]—નથી જાણતા ધરમ હમારોરે, અમે [illegible]
લાગનો વારોરે
[illegible] રાખતા કાંઇ એક આરોરે, પાતળીઆરે પ્રીત [illegible]
પંથ ન્યારો—રીસાને
[illegible] ચાંપીને, રસીલું વાલમ વારૂ, હવે [illegible]

નથી કહેતીરે હું ચોખ્ખું [illegible] [illegible], મને લાગે [illegible] [illegible]
[illegible] [illegible]
ઝુલ—પછી જાશો બાર તમારેરે, નથી વાંક લગારે હમારોરે
એમાં લાભ નથી કાંઇ સારોરે, અલબેલારે છાનામાના
સીધારો—સુને

પાતળીઆરે વાત કહું એક છાની, તમે સાચી લેજો માની
મધરાતેરે મંદીરીએ મારે આવો, તમે હૈયાને સુખેથી વધાવો
ઝુલ—પછી રાખશો કાંઇનિ ઉધારોરે, મારા જોબન મદને
ઉતારોરે
મારા તનના તાપ સમાવોરે, ગુણવંતારે છોટમદાસ
તીહારો—સુને

૧૦

કોઇ પ્રેમી દેવાંશી સંભારણે કારણે વારણે જઇએ વારવાર
દેવતાઇ દૃષ્ટિ દેરાર સંસારમાં સાર જોયો ધન્ય અવતાર
સંસારમાં પારસમણિ ચિંતામણિ છે નામના
કામધેનુ કલ્પતરૂ રસકુપી સૌના કામના
અજબ કાંતિ અલખ શાંતિ વેદ કરતાં વાચના
છે પ્રેમ નિર્મળ રત્ન જેના નવે ખંડે નામના
પ્રેમી [illegible] [illegible] ઝંખી જુઓ કેવાં રંગે ઉમંગે
રમે રસીયા
[illegible] [illegible] [illegible] ડાળી ધુમે મદમાતી [illegible] રંગીલા રસીયા
[illegible] [illegible] અવર નથી આશા
[illegible] પ્રેમ [illegible] પતાસાં
[illegible] [illegible] ભંડાર છે સખી સ્નેહના સાગર
[illegible] સાથે [illegible] ખારસી અમૃત [illegible]
[illegible] [illegible] તે ખારૂં ખારૂં નીર
[illegible] ખારૂં [illegible] પીવાને જાય
[illegible] [illegible] [illegible] [illegible] પરતાય
પ્રેમ રસ પ્યાલો [illegible] સાથે પીવાય
[illegible] ભાગ્ય ફળી [illegible] [illegible]—કોઇ

૧૧

રાગ મહાડ (ચમકા તરાના એ રાહ)

નથી દાણના ખારા, મોહન મારા, રોકોના દારા, જીવન
પ્રાણાધાર—ટેક

નવા નવા નિત્ય ધારા કરોછો અમને નથી કાંઈ જાણુ
મહી તણું તો દાણ ઘટે નહિ શીદ કરો હેરાન;
મનસુબા તમારા, સમજી હું સારા, દીલમાં મારા, જીવણ
પ્રાણાધાર—નથી

પરનારીને મારગ જાતાં શીદ કરો છો આજ
છોડો છેડો મોહન મારો નહિતો ખાસો ગળ
એથી લાગો અકારા, તેથી રહો ન્યારા, સમજી ઇશારા જીવન
પ્રાણાધાર— નથી

પ્રથવી વિષે દાણ નથી કરો વાત શું દુનીયા પાર:
મહીની વેળા વીતી ચાલી; છોડો અબળા નાર:
મુજ નેણના તારા, જાન છો મારા, નટવર ન્યારા જીવન
પ્રાણાધાર— નથી

દાણની રીતી લોને ચુકાવી બ્હોળી કરૂં પહેલી
હારી હારી હું હવે તમથી મારગ દો મેલી;
વહાલા વ્રજના પ્યારા, મન હરનારા, દીલ વસનારા, જીવન
પ્રાણાધાર— નથી

૧૨

કાનુડે કામણ કીધલા ઓ એની પેલે કાનુડે કામણ કીધલાં
કામનીઓના કાલજા ભેદવા બાણુજ માર્યાં સીધલાં—ઓ એની
લવેંગ સોપારીને પાનના બીડલાં અમને કંઇ એક
દીધલાં—ઓ એની
શું કર્યું ને વાહાલો શું વળી કરશે એવું જાણીને અમે

પીધલાં—ઓ મેની

શાંતી દાસનો સ્વામિ રસીક શીરોમણી આંખે અમી
રસપીધલાં—ઓ મેની

૧૩

જાઓ જસોદાસે કહીઓરે કનઇયા મોસે ગાલીરે દીની (૨)
ગાલી બી દીની ગાગરીયા બી છીની,
ચોલીમેં ઉપદ્રત કીનીરે—કાનઇયા૦ ૧
હાથમેં બાંસુરીયા ને ખાંધે કામરીયા,
શામરી સુરત ભીની ભીનીરે—કાનઇયા૦ ૨
મોહનલાલાને ગલે મોતી માળા,
બંશી બજાએ જાદુ કીનીરે—કાનઇયા૦ ૩

૧૪

જેને સખાં મોહને માયા ઉતારી
[illegible] ના વાંકે દીધી છે વિસારીરે બેન—જેને—ટેક
પ્યાર અમૃત જેવો બતાવી, પ્રેમ જાગમાં નાંખી ફસાવી;
[illegible] અવચ્ય દીધી ડુબાવીરે, બેન—જેને—૧
[illegible] મીઠી મીઠી મેં તો વાણી જોઇ જીવનને તો હરખાણી;
[illegible] પ્રીતો ઉમંગ આણીરે બેન—જેને—૨
[illegible] ચોગીન ઘેલી બનાવી, મારી કટાક્ષ ભાન ભુલાવી;
[illegible] વશ કરી પ્રેમ લગાવીરે બેન—જેને—૩
[illegible] અભાગી કરી ગીરધારી, મોહ બાણ રૂપી [illegible]રજી મારી;
[illegible] રૂઝે પડયો ઘા કારીરે બેન—જેને—૪
[illegible] માંહે છે રહેલા, મન વશ કર્યું જાદુ મેલી;
[illegible] પ્રેમ સાગરમાં ઠેલીરે બેન—જેને—૪
[illegible] મંદીરમાં નથી ગમતું. કેર્યું કાળજું મનડું ભમતું;
[illegible] નથી ચેન પડતુંરે બેન—જેને—૫
[illegible] ઠગી ભોળી બીજનારી સાલે વિયોગ ઉરમાં ભારી;
[illegible] છાટમનો મોરારીરે બેન—જેને—૬

૧૫

(ગરબો)

સુણો મોહનલાલ, મારગડો મેલોતો મથુરાં જઇ રહીએ—ટેક
હાંરે તમે કયા ગામના છો હાણી
મારી નવરંગ ચુંદડી તાણી—સુણો—૧
હાંરે તમે કયા ગામના છો સુભા
મારા મારગ વચ્ચે કેમ ઉભા—સુણો—૨
હાંરે તમે કયા ગામના છો રસીયા
મારા મંદીરીયામાં કેમ ત્રસીયા—સુણો—૩

૧૬

(ગરબો)

પ્રેમ પ્રેમની પ્રેમનીરે મને લાગી કટારી પ્રેમની—ટેક
જળ જમુનામાં ભરવા ગયાતા, હતી ગાગર માથે હેમનીરે—મને૦ ૧
કાચે તે તાંતણે હરિજીએ બાંધી જેમ ખેંચે તેમ તેમનીરે—મને૦ ૨
મીરાંબાઇ કહે પ્રભુ ગીરધર નાગર, શામળી સુરત એમની—મને૦ ૩

૧૭

સુરત મુંબઈનો ગરબો

સારૂં સાઈ સુરત શહેર, મુંબઇ અલબેલી: (ટેક)
માંહી બાલાજીની મહેર, મુંબઇ અલબેલા

સાત માળની મેડી બનાવી માંહી બેઠા શેઠીઆરે
ચાકર મહેતા મજરે ચાલે વાણીયાની બઈ અપર રાણી—મું—૧
મુંબઈ રાણી સહુ [illegible] ણી બરેન બેડે [illegible] ગુરિરે
કાવડીઆતો પાણી આણે પીએ પાણી શેઠાણી—મું—૨
મુંબઈમાં તો કલ્લાં સાંકડાં કાંઠાઓનો નહિં પારરે
મુંબઈ શહેરના સાહુકારોને દેવાળાના શાવાર—મું—૩
સુરતની તો સાડીઓને ઊપર કસબી કોરરે
મુંબઈ શહેરમાં કાપડીયાને કોઈના દેશોમોડ—મું—૪
મુંબઈ શહેરમાં ઘણી ગાડીઓ બગીઓનો નહિ પારરે
સાંજ સવાર સઉ ફરવા નીકળે ઘોડકો ભાડા લઈ
બહાર—મું—૫
મુંબઈની તો મારકીટમાં કાંઈ સુખડોયો વેચાયરે
તેથી દીવાનો હલવો સારો સઉ લેવા મન થાય—મું—૬
મુંબાઈમાં તો સરવે સુખ પણ ત્રણ પાંતીનું દુઃખરે
બાડુ મોંઘું બળતણ મોંઘું બંદર જાવું મુશ્કેલ—મું—૭
બાઈ મુંબઈના પાન બીડામાં સોપારીનો કટકોરે
સાઠ વરસની ઘરડી ખખ હોય તોયેન મુકે લટકો—મું—૮
અમદાવાદી હરામજાદી ખંભાતી ગોઝારીરે
વડોદરાની વાંકી નારી સુરતની બલીહારી—મું—૯

૧૮

દાણ લીલા

ગોપી—અલ્યા કાનજી તું ક્યારે ઘેલો થયોજો
તું તો શેનું માગેછે દાણજો
મટીની મટુકી મારી ફુટશેજો
ગોરસની થાશે હાણજો, ઘેલું શું બોલે ગોવાળીયાજો
અલ્યા ન જાણીશ કોઈ બાપડીજો
કોઈ મળશે માથા ફેરી નારજો
મારગ મુકીને રહેને વેગળોજો
મારા કંસને થાશે જાણજો, ઘેલું શું૦ ૨
કૃષ્ણ—તારો કંસ કહાવ નર શું કરેજો

મારી સંગે છે સઘળો સાથજો
અલી દહાડી તે દાણ ચોરી જતીજો
ઘણે દહાડે આવી મારે હાથજો, ઓઢી તું જાત
આહીરની ૩
ગોપી—અલ્યા હાથની તે હોંસ રખે રાખતોજો
હાથે ચારી જાણેછે ગાયજો
પાલવ મુકીને રહે વેગળોજો
મારા વ્રજમાં થાશે જાણજો, ઘેલું૦ ૪
કૃષ્ણ—અલી વ્રજમાં વસીને વેર વાળશુંજો
રખે રાખતી હૃદયામાં હામજો
નંદજીના નામ પ્રતાપથીજો
હું તો છેદું તારા કંસનો ઠામજો, ઓઢી૦ ૫
ગોપી—અલ્યા કંસે કર્યું તે કેમ વિસરેરે લોલ

બાઇ હણ્યા પોતાના ત્યાંયરે
નાશીને છુટો લાડકારે લોલ
આવી ઉછર્યોછે વ્રજમાંયરે ઘેલું ૦ ૬
કૃષ્ણ—વળી વ્રજમાં વસીને વેર વાળશુ રે
તું તો જોજે અમારા કામરે
અવનીનો ભાર ઉતારશું રે
ધર્યું નંદ કુંવર ઘેર નામરે—ઓઢી૦ ૭
ગોપી—અલ્યા સાચું કહેતામાં દુઃખ લાગશેરે
પેટ માટે ચારે છે ગાયરે
તું આવડો મોટો એમાં થયોરે
તુંને કોઇએ ન આપી કન્યાયરે—ઘેલું શું બોલે૦ ૮
કૃષ્ણ—અલી આહીરની કન્યા અમો શું કરું રે
અમો સ્વતઃ કહેવાયા બ્રહ્મચારીરે
તુંરખે પડછાયો તારો પાડતીરે
તું તો ઘાબળીની ઓઢનારરે—ઓઢી૦ ૯

ગોપી—અલ્યા લાખ ટકાની મારી રાબડીરે
હીરા જડીત્ર મારોછે હારરે
આછી પટોળી મારે પેરણુરે
તું તો કામળીનો ઓડનારરે—ઘેલુ શું બોલે૦ ૧૦
કૃષ્ણ—જેનો બ્રહ્માએ તણો તાણીયોરે
એનો શંકર સરીખો વણનારરે
તેરે ઓઢણુ મારે કામળોરે
તેનો શેષ ન પામે પારજો—ઓછી૦ ૧૧
ગોપી—અલ્યા શેષ સરખું તન તાહેરૂંરે
અમો ચંપક વરણી નારરે
અલ્યા કાચ કનકને વેર વળ્યું રે
તું તો પશુ તણો પીડનારરે,—ઘેલું૦ ૧૨
કૃષ્ણ—તું શાને નીસરી મહી વેચવારે
અલી બેસી રહેજે ઘરમાંયરે
દોલત ઘણી છે તારા બાપનેરે
તું શાને આવે અંહીયાંરે—ઓછી૦ ૧૩
ગોપી—આતારે સદા મહી વેચતારે
જઇ પછો જસોદા માયરે
બાંધી મુકી સવા લાખનીરે
ઉધાડીએ તો પત જાયરે—ઘેલું૦ ૧૪
કૃષ્ણ—અમો ઘણી ઇચ્છા છે મહી ચાખવારે
[illegible] મગાવણીનો સ્વાદરે
[illegible] પડશે તો પાછું આપશુંરે
તું શાને કરે વિવાદરે,—ઓછી૦ ૧૫
ગોપી—[illegible]લ્યા ગોરસ તણુ શું ગજુંરે
[illegible]ટલું [illegible] એટલું પાતરે
[illegible]ને વેર વાધ્યું ઘણુંરે
[illegible] મન મેળાવો થાતરે,—ઘેલું૦ ૧૬
કૃષ્ણ—અમે દાણુને મીશે શું દુભાઓરે
તુ તો ઘણી દાસછે રીસાળરે

હસીને તાળી લે હાથમાંરે
તું પ્રીત ધરીને રસ આપરે—ઓછી૦ ૧૭

ગોપી—અલ્યા માંગ્યા મુક્તા ફળ પામીશરે
હઠ કરે કંઇ નહિ એકરે
લાજ નહિ તુંરે લાડકારે
મન આણને કાંઇ વિવેકરે—ઘેલું૦ ૧૮

કૃષ્ણ—અલી વિવેક ઘણા છે મન માંહેરે
જવા નહિ દઉં નીરધારરે
આપ્યા વિના કેમ છુટશેરે
તારા મનથી તું વિચારરે—ઓછી૦ ૧૯

ગોપી—તારા મનનો વિચાર મેં જાણીયોરે
હઠ શાને કરોછો આંયરે
મનમાં મન મળી ગયુંરે
જેમ સાકર ભળે દુધમાંયરે—ઘેલું૦ ૨૦

કૃષ્ણ—મીઠાં વચન તારાં માનુનીરે
સાકર સરીખડાં બોલરે
પ્રીતનો બાંધ્યો તુજ પાસ છુંરે
આ આપુ તમોને કોલરે—ઓછી ૨૧

ગોપી—રાઢ ભાગીને રસ વાધ્યો ત્યાંરે
ગોવાલણી લાગી પાયરે
નંદજીના કુંવર કહાનનેરે
ઉલટ તો અંગેન માયરે—ઘેલું૦ ૨૨

જે કોઇ ગાય શીખેને સાંભળેરે
તે ફરીન આવે ગર્ભવાસરે
દાણલીલા દીનાનાથનીરે
ગુણ ગાય રતનીયો દાસરે—ઘેલું૦ ૨૩

અંબાજીનો ગરબો

('ગીરધારીરે' એ રાહ)

ધન્ય અંબારે, આરાસુર પટરાણી તને નિગમ બધાએ જાણી
મા અંબારે ધારી ત્રીશુળ પાણી ગોખ નથી બીરાજો રાણી
ઝુલ—ચૌદ બ્રહ્માંડે તને જાણીરે, તારી કીરતી બધે ફેલાણીરે;
સઉ લોકે તને વખાણીરે, આદ્યશક્તિરે, વેદ વદે છે
વાણી—તને—૧

માનું છેરે બુદ્ધિ નાણી સુખદાતા તારી ગતી ન જાણે વિધાતા
નારદજીરે વીણાધ . . . ગાતા તુજ દરશનથી સુખ શાતા
ઝુલ—. . . ને સેવક . . . ચહાતારે, ગુણ મંડપ માંહે ગવાતારે
જય જય જય શબ્દ વદાતારે, મા ગુણો . . . ગાવ. પ્રેમથી
વાણી તને—૨

મા ત્રીપુરારે તારી ઘણી બલીહારી વાઘ ઉપર કીધી અસવારી
કર લીધીરે ઢાલ કટારજ ધારી મા શોભા બની બહુ સારી
ઝુલ—માનું ચંદ્ર વદન સુખ કારીરે, વારે વારે લેઉ બલવારીરે
. . . અકળ . . . ગતિ છે ન્યારીરે, જુગતંબારે નયનરૂપ
વખાણી—તને—૩

મં . . . યારે તું છે ભવમાં ભોળી . . . કુમ કુમ વરણી
પટોળી

મા . . . રે નોતમ રંગ ભરેલી, . . . જડે નહિ ખોળી
મા મહિષાસુર રગદોળીરે, ચંડ મુંડને નાંખ્યા ચોળીરે
દૈતને માર્યા રોળીરે, શ્રમ . . . છે સેવક . . .
શાણી—તેને—



૨૧

બહુચરાજીનો ગરબો

બલિહારીરે બહુચરમાત, જોવાને જઇએ—ટેક
જોવા જઇએ ને સુખીયાં થઇએ આરા ધરમાં રહીએર
આરાસુરમાં અંબા બીરાજે પાવાગઢ મહાકાળી—જોવાને૦ ૧
માને પાળે હવન થાયને ચીર કુંદડી સોહે રે
બ્રાહ્મણ બેઠા વેદ ભણે ત્યાં માતુની મગ… —જોવાને૦ ૨
માને પાળે જે કોઇ જાશે તેની પુરે આશરે
કરજોડી જન વલ્લભ કહેમા હું છું તારોદાસ—જોવાને૦ ૩

૨૨

ગરબો

તમે ગોકુલના છોનંદલાલા હરે … બંસીવાલા
મને મુકી મથુરા ગયા ચાલ્યા-હરી કૃષ્ણ … બંસીવાલા
હરી આવોની મારે મંદીરીએ … આવોની મારે મંદીરીએ
એવા નીશ દિન તેરી જપું માલા—હરી૦
ચીર લેકે કદમ ચડે ગીરધારી … અરજ કરે સબ
બ્રીજનારી
તેરી સાંવરી સુરત … વારી … અરજ કરે સબ
બ્રીજનારી
અખી એસા પીવાસે પડાપાલા—હરી૦

૨૩

' તમો ગોકુલના છો નંદલાલા હરી કૃષ્ણ કાન બંસીવાલા "
(એ રાહ)

હરિ વિસરી કેમ તમે વહાલી—પ્રભુ વલ્લભ વિઠ્ઠલ વનમાળી
હરિ હું જ મહિની ગટુકીવાલી—પ્રભુ વલ્લભ વિઠ્ઠલ વનમાળી
હરિ હસીને બોલો મુજ સંગે, તમે રમવા આવોની રંગે
વહાલા વાત કરોની હાથ ઝાલી—પ્રભુ૦
વહાલા મુજ અંતરમાં વસીયા, તમે રંગીલા લાલા રસીયા
હરિ હું જ તમારી પ્રાણ પ્યારી—પ્રભુ૦
વાહાલા રાસ રંગમાં રમનારા, વા'લા વ્રજના વનમાં ભમનારા
વહાલા હું જ ગોવાળ કહેવાવાળી—પ્રભુ૦
ગોવીંદ ગોવરધન ગોપાલા શીદને તલસાવો છો હાલા
હરિ હું જ વહાલી રાધે પ્યારી—પ્રભુ

૨૪

ગરબી

રંગ બેસે હમીર નેનોકા મારા મરગયા ફકીર—રંગ
કચે પકે પાનકા બીડલા બનાયા
ખા ગયે ગુલાબવાં મીયાં રહે ગયા હમીરજાન—નેનોકા૦
કોરીસી મટુકીમેં દહી જમાયા
ખા ગયા ગુલાબવાં મીયાં રહે ગયા હમીરજાન— નેનોકા૦
ઊંડા સા કુવા ઠંડાસા પાની
પી ગયા ગુલાબવાં મીયાં રહે ગયા હમીરજાન—નેનોકા૦
આરસી બનાઇ સુંદીર સેજાં
સો ગયા ગુલાબવાં મીયાં રહે ગયા હમીરજાન—નેનોકા૦

૨૫

પ્રેમની પ્રેમની પ્રેમનીરે એ રાહ

આવના આવના આવનારે, શામ મેરી ગલીસેં આવના
આવના તો દુરસેં બતાવનારે, શામ મેરી ગલીસેં આવના
તેરેરે ખાતર દંહી જમાયો, પ્યાલા ભરી ભરી પાવનારે—શામ
તેરેરે ખાતર બાગ બનાયાં, ફુલોંકા હાર ગુંથાવનારે—શામ
શેવ સુંવાળી શીરોને લાપસી, રૂચી રૂચી ભોગ લગાવનારે
—શામ
પાન સોપારી લવેંગ એલાયચી, રંગીલી બીડીયાં ચાવનારે
—શામ
ચુન ચુન કલીયા સેજ બીછાવી મદ ભરૂં જોબન
લુટાવજારે—શામ

૨૬

ગોરમાનું ગીત

ગોરમાનો વર કેસરીયો નદીએ નાહાવા જાયરે ગોરમા
પગે પીતળની પાવડીને છમ છમ કરતો જાયરે ગોરમા
તમે કેટલા વર કુંવારા રાજ અચકો મચકો કારેલી
અમે સાત વર કુંવારા રાજ, અચકો મચકો કારેલી
તમને કઈ સુહાગણ ગમશે લાલ, અચકો૦
અમને રતન વહુ વહાલી ગમશે રાજ અચકો૦
એ કાળીને શું કરશો રાજ, અચકો૦
એ કાળી કામણગારી રાજ, અચકો૦
એ ઠીગણીને શું કરશો રાજ, અચકો૦
એ ઠીગણી ઠસ્સાવાળી રાજ, અચકો૦
એ કુબડીને શું કરશો રાજ, અચકો૦
એને ટોપલો ધરેણું ઘાલશું રાજ, અચકો૦
એ નાનીને શું કરશો રાજ, અચકો૦
એ નાની નખરાંવાળી રાજ, અચકો૦

(મને ભુલી ગયો મારો છેલડારે એ રાગ)

મારો અલબેલો લાલ મધુપુરમાં બસે
મધુપુરમાં બસે જદુકુલમાં બસે—મારો મદન મોહનલાલ૦
ખાન પાન ચેન ચિન્ત નાહિ મેરે મનમેં
કયું કરી કહે સખા લાલ ફંદમાં ફસે—મારો૦
કાનકું ફસાયો ત્યાં અક્રુડ લેકે ચલે
ગોકુલ છોડી શ્યામ મથુરામાં બસે—મારો૦
દયાકે પ્રીતમજીકો કોન દહે વાલવાલ
બલી કીની સો લોક ખીજમાં હસે—મારો૦

૨૮

(ગરબો)

મેરો સૈયાં ગુલાબકો ફુલ હમારો રંગ કેશરીયાં
સુનેકી ગાગર ગંગા જળ પાની
મેરો પીવે ગુલાબકો ફુલ પીલાવે રંગ કેશરીયાં—મેરો ૧
સુનેકી થાળીમેં ભોજન પીરોસું
મેરો જમે ગુલાબકો ફુલ જમાવે રંગ કેશરીયાં—મે૦ ૨
ચુન ચુન કળીયા સેજ બીછાઇ
મેરો લોટે ગુલાબકો ફુલ ઉડાવે રંગ કેશરીયાં—મે૦ ૩
ચાંદની કી ચાદર ઓઢો મેરે બાલમ
મેરો ઓઢે ગુલાબકો ફુલ ઓઢાવે રંગ કેશરીયાં—મે૦ ૪
ગંગેરી પાન જસોદી બીડીયાં
મેરો ખાવે ગુલાબકો ફુલ ખીલાવે રંગ કેશરીયાં—મે૦ ૫
ભોર ભયો ભોર ચીડીયા બોલી
મેરો જાગે ગુલાબકો ફુલ જગાવે રંગ કેશરીયાં—મે૦ ૬

પુનેમ ચાંદનીનો ગરબો

પુનેમ ચાંદીની પુરી ખીલી અંદીરે
શોભે રજની સુંદીર શીઆજ; હું તે રમીએ
સંગાથે સહીયર આપણે રે
સહીયર કંકણો સોનાના કરે ધર્યાંરે
માંહી જડીયા છે નીલમ મણિ નંગ—હેતે૦
(સાખી)
મળીઆં આજે આપણે, ધરી સોળે શણગાર
કરકંકણ સુડી ચમક ચંદ્ર તેજ એક તાર
હિરા રત્નથી જડીત્ર ઉર હાર છેરે
મોતી ગુચ્છ લળકે છે બાજુ બંધ—હેતે૦
(સાખી)
અંબોડા ફુલે જડયા શીર સેંથે હિંગુળ
શોધાં કુમકુમ ચાંદલા મુક્તા માળા ફુલ
આરસ પારસ મણિ જડેલા ચોક છે રે
તેમાં રમતાં વસતા હઇએ નણુદલવીર—હેતે૦
(સાખી)
પહેંર્યાં ઝાંઝર પ્રીતથી ઝણુણ કરે ઝણુકાર
ફરીએ સહીયર ફુદડી આ રજની મોઝાર
કોમળ વેલીઓ ખીલી છે વિધવિધ ભાતનીરે
તેતો આપે છે શી સુંદર સુગંધ—હેતે૦
(સાખી)
કથા શીયળની સાંભળી પ્રીતમ ઉપર પ્રેમ
વધ્યો સખી વિરહી થઇ મળે ત્વરાથી જેમ
પુનમ ચાંદની ખીલી પુરી અંદીરે

(રાગ બરવો)

આજજી માણેકઠારીયાં મોહનજી આજજી માણેક ઠારીયાં
દુધ પઉઆં ઓર રાઇતી ફેરી
ઉપરથી ગુવાર વધારીઆં—મોહનજી ૧
બરફી પુરી આદાચીરી
ઉપરથી લીંબુ ખટાઇયાં—મોહનજી ૨
સેવ કંસારને કારેલાં કટોળાં
ઉપરથી સુરણ સવાદીયાં—મોહનજી ૩
મીરાં કહે પ્રભુ ગીરધર નાગર
ભાવે કરીને આરોગીયાં—મોહનજી ૪

૩૧

*સારંગ

શીયર મેદી લેશો રે સહીયર મેદી લેશોરે
મેદી મેદી શું કરોને મોટાં ઝાડ
એક ડાળું હલાવી એતો ડાળાં હાલેચાર—સહીયર—૧
મારી સાસુએ એમ કહ્યું જે વાસીદા વાળી મેલ
મેં ભોળીએ સાંભળ્યું જે કયારા વેરી મેલ—સહીયર—૨
મારી સાસુએ એમ કહ્યું જે પાણી ભરી મેલ
મેં ભોળીએ સાંભળયું જે બેડાં ફોડી મેલ—સહીયર—૩
મારી સાસુએ એમ કહ્યું જે રાંધણુ રાંધી મેલ
મેં ભોળીએ એમ જાણ્યું જે ચુલો છાંટી મેલ—સહીયર—૪
મારી સાસુએ એમ કહ્યું જે રોટલા ઘડી મેલ
મેં ભોળીએ સાંભળયું જે કલેડાં ફોડી મેલ—સહીયર—૫

---

* ઘણી રીતે ગવાયછે પરંતુ સારંગમાં ઠીક બેસેછે.

સખીને આમંત્રણ

સખી ! રમીએ આવો સૌ સ્નેહથીરે લોલ, કરીએ મીઠી
મીઠી વાતડી
સખી ! દુખડાં સૌ દીનનાં ભૂલતાંરે લોલ, સંચરીએ
સુખની વાટડી
સખી ! આવોને સૌ ખેલીએરે લોલ, લઇને વિનય ભલી
ભાતડી
સખી ! તાલી સૌ ઝીલીએ રંગથીરે લોલ, રઢીઆળી
રાતશી આજની

(સાખી) રૂપ મય ચાંદરણે પાથરી શી આ ઠીક
એ પર આવો ખેલીએ ગાતાં રૂડાં ગીત
જુઓ ચાંદલો પણ કેવો હસે આભમાંરે લોલ !
વીણી તારલાંનાં ફુલ ફેંકે લાડમાં રે લોલ !
ઝુકી ખેલંતો શો જાય વિમલ આભલેરે લોલ !
સખી ! ખેલીએ ન કેમ ત્યારે આપણેરે લોલ !
સખી ! રમીએ—

(સાખી) શીતકર વાયુ શો વળી, મીઠી ફુલ સુવાસ ;
અજ શિશુ સમ ગેલથી, રસમય ખેલે રાસ ;
કદી આપણામાં કોડ કરી ઝુલતો રે લોલ !
કદી વૃક્ષ તણી ડાળ હીંચી ઝુલતોરે લોલ !
કદી ગાય મૃદુ ગાન સંગ પાંદડેરે લોલ !
સખી ! રમીએ—

(સાખી) કોયલ મધુરી દુરથી લ્હેંકી બન્સી નાદ
સમજાવંતી સાનમાં મુકો જીવ ઉચાટ
સુગી શીખ વધુલલિત વાયુ હિંચતો રેલોલ!
વળી ચાંદલો શો હિંમ અમી સીંચતો રે લોલ!
મુકયો જીવનો ઉચાટ વાયુ ચાંદલે રે લોલ
સખી! ખેલીએ ન કેમ ત્યારે આપણે રે લોલ!
સખી! રમીએ—

(સાખી) રંજક રજની સૌખ્યદા, ફેંકે હર્ષ તરંગ
ઝીલી પીએ રસ બસી વાયુ—કોયલ—ચંદ
સખી! ઝીલીએ આવોને ત્યારે આપણે રે લોલ!
વળી પ્રીત ધરી પીયે લળી આપણે રે લોલ!
સખી ઉર ખોલી ખેલે બધા આંગણે રે લોલ!
સખી ખેલીએ ન કેમ ત્યારે આપણે રે લોલ!
સખી! રમીએ—૦

વસન્ત વિનોદી
(શિશુ મંડળ) સુંદરી સુબોધ

૩૩

(ગરબી)

(ખમાચમાં) ગહન કુસુમ કુંજમાંજ મૃદુલી મધુરી
બંસી બાજે
વિસરી ત્રાસ લોકલાજ સજની! આવો આવોરે!
—ગહન૦—

ધારી ચારૂ નીલવાસ
હૃદય પ્રણય કુસુમરાસ
હરિણનેત્ર વિમલ હાસ
કુંજવને આવોરે ગહન. ૧

(બિહાગમાં) દાખે કુસુમ શુરભિ ભાર
દાખે વિહંગ સુસ્વસાર
દાખે ઇંદુ અમ્રત ધાર
રજતથી સુહાતીરે, ગહન. ૨
(કલ્યાણ) મંદ મંદ ભૃંગ ગુંજે
અયુત કુસુમ કુંજ કુજે
ફુટયાં સજની પુંજ પુંજ
બકુલ યુથિ જાતીરે ગહન ૩
(દેશ) જુઓ સ મી સ્યામ રાય
નયન પ્રેમ ઉછળી જાય
અમૃત સદન વદન છાય
નીંદતી શી ચંદને ગહન. ૪
(ખમાચ) આવો આવો સજની વૃંદ
નીરખીએ સખી શ્રીગોવિંદ
સ્યામને પદાર વિંદ
ભાનુ સિંહ વંદતો ગહન. ૫

૩૪

(સુંદરી શુબોધ)

(કામણ દીસે છે અલબેલા તારી આંખમાંરે— એ રાગ)
બ્હેની ! સ્નેહ રંગ આનંદે નિત્યે મ્હાલજેરે
પતિવ્રત પાળજેરે—બેની
ભારતની પુત્રી તું રૂડી
સહે અનુપમ દુખડાં ધારી
તદપિ મિઠડે મુખડે તુજ સ્મિત રાખજેરે
વિમળ પ્રીત આંપજેરે —બેની
ધર્મ શાસ્ત્રની અદભુત વાણી

સર્વ પંથમાં નીતિ પ્રમાણી
દિવ્ય યુગ્મ તુજ પતિ તુજ કેરૂં સુહાવજેરે
શિયળમાં રાચજેરે—બેની

અનેક લાલચ તુજને નડશે
પ્રેમ માર્ગમાં કંટક પડશે
જગદીશ્વર પર શ્રધ્ધા સાચી રાખજે રે
તરીને તારજેરે......બેની

નિર્લજ્જતા હૃદયેથી ઉતારો
વિચારને આચાર શુધારો
પતિ ઉર વિરમી સંતોષે સુખદા થજેરે
પતિ પ્રભુ માનજેરે......બેની

માત આપણી ભારત જોતી
ખિન્ન ગાત્ર આંસુડાં લ્હોતી
પૂર્વ સ્થિતિ આલ્હાદક ગઇ ક્યાં એની તેરે
અંતરમાં દહેરે......બેની

વ્હેમ કુસંપો કલેશ કપાવા
ગૃહ મંદિર સુખ વાડી બનાવી
નિત નમળામાં આત્મ ઉદારતું ધારજેરે
ખરું તુજ રુપ તેરે—બેની

મૂર્ખ રૂઢીના બંધન તોડી
સુનીતિ, લજ્જા, સવત જોડી
નિજ બાળક-બુદ્ધિને વૃત્તિ ખીલાવજેરે
ઉદયની આશ એરે—બેની

શોક તિમરની જ્વાળા તારા
કુટુંબમાં કરો શાંત સૌખ્યદા
તનમન આત્મોદ્ધાર સુધારા હાથજેરે
જનની ભૂમિ રક્ષજેરે—બેની

સ્વર્ગસ્થ વિંદુભાઇ જસવંતરાય.